૧૦ હજાર શ્રમજીવીઓને રોજગારી

ઉત્તર ગુજરાતમાં શિયાળો જામતાં ઈંટવાડા ઉદ્યોગ ધમધમ્યાં...

ચોમાસામાં ઠપ્પ થયા પછી ઉત્પાદન શરૂ

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૬

ઉત્તર ગુજરાતમાં ચોમાસામાં ભારે વરસાદથી ઈંટ ઉત્પાદન ઠપ્પ થઈ ગયા પછી હાલમાં શિયાળો

જામતાં પાંચેય જિલ્લામાં ઈંટ ઉત્પાદનનો ધમધમાટ શરૂ થયો છે. બાંધકામ ક્ષેત્રે ઈંટોની મોટી માંગના કારણે રાત-દિવસ ઈંટ ઉદ્યોગ ફરીથી શરૂ થતાં ૧૦ હજારથી વધુ શ્રમજીવીઓને રોજગારી મળવાની શરૂઆત થઈ છે. ઈંટમાં થયેલો ભાવ વધારો મકાન બનાવતી પ્રજા માટે મોંઘવારીના ડંખ સમો બની રહ્યો છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં બાંધકામ ક્ષેત્રને વેગ મળ્યો છે જેના કારણે તેની સાથે ઈંટ ઉદ્યોગ પણ વિસ્તરતો જાય છે. સામાન્ય દિવસોમાં રાત-દિવસ ઈંટવાડા સ્થળોએ ઈંટોનું ઉત્પાદન કરાતું હોય છે પરંતુ ચોમાસામાં ઢીંચણસમાં પાણી ભરાઈ જવાથી માંડી કાચો માલ ભીંજાઈ જતો હોવાથી ઈંટ ઉત્પાદકો ચોમાસા દરમ્યાન ઉત્પાદન બંધ કરી દેતા હોય છે. વરસાદની સીઝનમાં ઉત્પાદન બંધ થાય એટલે અન્ય જિલ્લાના શ્રમિકો રોજગારી વિહોણા થઈ જતા હોય છે. ચોમાસામાં ઈંટો પકવાતી ન હોવાથી માદરે વતન નાનુ-મોટું કામ કરી ઈંટવાડાના શ્રમિકો શિયાળામાં ફરીથી ઉત્તર ગુજરાતના ઈંટવાડા ઉદ્યોગમાં કામે લાગી જતા હોય છે. ચોમાસામાં કામ ઠપ્પ થયા પછી હમણાંથી શિયાળો જામતાંની સાથે જ ઈંટ ઉદ્યોગ બમણા વેગથી ધમધમતો થયો છે. સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા, અરવલ્લી અને પાટણ જિલ્લામાં હાલમાં જ્યાં નજર થાય ત્યાં ઈંટ ઉત્પાદન નજરે પડી રહ્યું છે ઈંટવાડા ઉદ્યોગમાં રાત-દિવસ ઈંટના ઉત્પાદનથી પંચમહાલ જિલ્લાના શ્રમજીવી

પરિવારોને શિયાળાની સીઝનમાં રોજગારી મળવા લાગી છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શાકભાજી સસ્તી થતાં ગૃહીણીઓને રાહત...!!

શિયાળામાં લીલા શાકભાજીની ભરપૂર આવકથી શાક માર્કેટ ઉભરાયાં

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શિયાળાના આરંભ સાથે જ શાકભાજીની ભરપૂર આવક થતાં તમામ શાક માર્કેટો લીલી શાકભાજીથી ઉભરાઈ રહ્યાં છે.

જ્યારે આવક વધવાની સાથે શાકભાજીના ભાવમાં ઘટાડો થતાં ગૃહીણીઓ અને મધ્યમ વર્ગને રાહત થઈ છે. શાકભાજી સસ્તી થતાં રસોડામાં તેનો વધુ ઉપયોગ થવા લાગ્યો છે. જિલ્લામાં એક સપ્તાહ અગાઉ શાકભાજીના ભાવ સાંભળી ગૃહીણીઓ ચોંકી જતી હતી પરંતુ હવે તમામ વિસ્તારોમાંથી મોટાપાયે શાકભાજી માર્કેટમાં ઠલવાય છે જેના કારણે ભાવ ઘટ્યાનું જાણવા મળ્યું છે.

જિલ્લામાં નવેમ્બર માસના મધ્યમાં શિયાળાની જમાવટ થઈ છે. તમામ વિસ્તારોમાં ધીરે ધીરે ઠંડીનું જોર વધ્યું છે શિયાળાની સીઝનમાં લીલા શાકભાજીનું વધુ ઉત્પાદન રહેતું હોય છે જેના કારણે શિયાળામાં સસ્તી શાકભાજી આરોગવા મળતી હોય છે. જિલ્લામાં ઠંડીની જમાવટ થતાંની સાથે જ ખેડૂતોએ તૈયાર કરેલ શાકભાજીનો જથ્થો શાક માર્કેટમાં ઠલવાતાં ભાવ ઘટ્યા છે. દર વર્ષે શિયાળામાં શાકભાજીનું ઉત્પાદન વધતું હોય છે જેના કારણે અન્ય સીઝન સિવાય શિયાળામાં શાકના ભાવ ઘટતા હોય છે. છેલ્લા કેટલાક સમયથી જિલ્લાના ખેડૂતોએ શાકભાજીના વાવેતર ઉપર ધ્યાન કેન્દ્રીત કરતાં ઘરઆંગણે ફુલાવર, કોબિઝ, વાલોર, રીંગણ સહિતના લીલા શાકભાજી ઉત્પાદન થયા પછી સ્થાનિક ખેડૂતો શાક માર્કેટમાં શાકભાજીનો જથ્થો વેચતા હોય છે. હાલની ઠંડીની જમાવટ સાથે જ શાકભાજીની આવકમાં ધરખમ વધારો થતાંની સાથે ભાવમાં ખાસ્સી રાહત થઈ છે. ટૂંકમાં શાકભાજી સસ્તી થતાં ગૃહીણીઓએ રાહત અનુભવવાની સાથે તમામ પરિવારોના રસોડામાં લીલા શાકભાજીનો ઉપયોગ શિયાળા દરમ્યાન વધી ગયો છે.

સંવેદનશીલ સરકારનું નિષ્ઠુર વહીવટી તંત્ર ક્યારે સજાગ બનશે..??

બાયડના ઝાંઝરીનો ભોગીયો ધરો ૫૦ સહેલાણીઓને ભરખી ગયો, સ્થળ તપાસના તાયફા છતાં પરિણામ શૂન્ય

ઝાંઝરીને વિકાસની નહીં, સહેલાણીઓની સલામતી માટે ગ્રાન્ટ ફાળવો

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૬

અરવલ્લીના પ્રકૃતિનું રઝવાડું ગણાતા બાયડનું ઝાંઝરી હવે દિવસે..દિવસે નિષ્ઠુર વહીવટી તંત્રના કારણે ગોઝારૂ સ્થળ સાબિત થયું છે. પાછલા દોઢ દાયકામાં ૫૦ થી વધુ સહેલાણીઓને ભોગીયો ધરો ભરખી ગયો છે છતાં સુરક્ષાના નામે મીંડું જેવી સ્થિતિ છે. ૭ વર્ષ અગાઉ ભોગીયા ધરાને સહેલાણીઓ માટે સલામત બનાવવાનો દાવ અજમાવ્યો પરંતુ તંત્રના વહીવટમાં ખાટલે ખોડ હોય તેમ આજદિન સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. વેકેશનની સીઝનમાં ઝાંઝરીનો ભોગીયો ધરો વધુ નિર્દોષ સહેલાણીઓનો ભોગ લે તે અગાઉ અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉચિત પગલાં ભરાય તેવી માંગ થઈ રહી છે.

જિલ્લાના અનેક પ્રવાસન ધામોમાં મીની વેકેશન તેમજ શનિ-રવિની રજામાં અનેક સહેલાણીઓ પ્રાકૃતિક સૌંદર્ય માણવા માટે આવતા હોય છે અને દિવસભર નયનરમ્ય દ્રશ્યો આંખમાં કેદ કરી તેની યાદોને વર્ષો સુધી વાગોળતા હોય છે ત્યારે એકમાત્ર અરવલ્લીના ઝાંઝરીનું સ્થળ જ એવું છે કે જ્યાં આનંદ કરવાના બદલે ગણતરીના કલાકોમાં જ મરશિયા ગાવાનું શરૂ થઈ જાય છે

અને તેનું કારણ છે કે જોખમી બનેલા ભોગીયા ધરાની ધરાર ઉપેક્ષા. વર્ષ-૧૯૮૫ માં જાણીતા લીરીલ સાબુની ડોક્યુમેન્ટરી એડમાં ઝાંઝરીના ધરાના સૌંદર્યને કંડારવામાં આવ્યું હતું ત્યારથી જ ઝાંઝરી પ્રખ્યાત બની ગયું છે. પરંતુ પ્રવાસન ધામોના વિકાસ પછી પણ ઝાંઝરી અને તેના આસપાસના વિસ્તારોની સદંતર ઉપેક્ષા થઈ છે. તેમ છતાં ઝાંઝરીના પ્રાકૃતિક ધામને માણવા માટે અરવલ્લી ઉપરાંત સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદના સહેલાણીઓ મોટી સંખ્યામાં આવે છે અને અજાણતાં જ ભોગીયા ધરામાં મોત પોકારતું હોય તે રીતે કેટલાય સહેલાણીઓ ડૂબીને અકાળે મોતને ભેટી રહ્યા છે. વહીવટી તંત્ર સમક્ષ ભોગીયા ધરાથી સહેલાણીઓને સલામત બનાવવાની રજૂઆત થઈ પરંતુ માત્ર દેખાડા પૂરતી સંવેદના દાખવી વહીવટી તંત્ર જોખમી સ્થળની ઉપેક્ષા કરતાં દર વર્ષે સરેરાશ ૩ થી ૫ જીંદગીઓ ધરામાં હોમાઈ રહી છે. ત્યારે નવનિયુક્ત જિલ્લા કલેક્ટર ડૉ. નરેન્દ્રકુમાર મીના દ્વારા ભોગીયા ધરાને સલામત બનાવવાની બહુ મોટી આશા આ વિસ્તારની પ્રજાએ રાખી છે. અગાઉ વહીવટી તંત્ર દ્વારા સહેલાણીઓ ભોગીયા ધરાથી સાવચેત રહે તે માટે બોર્ડ લગાવવાની સૂચના કરવામાં આવી હતી પરંતુ તેનો અમલ થયા પછી ગણતરીના જ દિવસોમાં બોર્ડ અદ્રશય થઈ ગયા હતા પરંતુ હવે ભોગીયા ધરાને જ પ્રવાસીઓ માટે કેવી રીતે સલામત બનાવી શકાય..?? તે વિચારવાનો સમય પાકી ગયો છે.

હાદસો બને એટલે તંત્ર મગરનાં આંસુ સારે છે : સ્થાનિકો

બાયડ : સ્થાનિકોના જણાવ્યા અનુસાર ખાસ કરીને જાહેર રજા તેમજ રવિવારે સહેલાણીઓ મોટી સંખ્યામાં ઝાંઝરીની મુલાકાતે આવે છે અને સાંજ પડતાં જ અમોને અમંગળ સમાચાર મળતા હોય છે. અનેક પરિવારોના દૂધમલ જેવા સંતાનો કે પછી એકના એક સંતાનના ડૂબી જવાથી મોતના હાદસા સામાન્ય બની ગયા છે અને પરિવારના કરૂણ રૂદણાંથી રૂંવાડાં અવાર..નવાર ખડાં થઈ જાય છે. હાદસો બને એટલે તંત્ર મગરનાં આંસુ સારે છે અને ભોગીયા ધરાને સલામત બનાવવાની વાત કરે છે પરંતુ ત્યારબાદ કશું જ સ્થળ ઉપર થતું નથી. વહીવટી તંત્ર મગરનાં આંસુ સારવારનાં બંધ કરી સહેલાણીઓની સલામતીને પ્રાધાન્ય આપે તેવું સ્થાનિકો જણાવી રહ્યા છે.

ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા આયોજિત નૂતનવર્ષ સ્નેહમિલન પ્રસંગે પધારેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસડેરીના બાદરપુરા સંકુલ ખાતેના ટેક હોમ રાશન અને બનાસ મધ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. તેમણે તાજેતરમાં જ 'અમૂલ મધ' નામે ઓળખ મેળવેલ બનાસના મધ નો ટેસ્ટ પણ માણ્યો હતો. આ પ્રસંગે બનાસકાંઠાના પ્રભારી મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉત્તર ગુજરાતમાં એન.એ.એસ. સર્વેમાં કામ કરનાર શિક્ષકોને વળતર રજા આપવા માંગ

દિવાળી વેકેશન છતાં સળંગ ૩ દિવસ શાળામાં હાજરી આપી

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૬

ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાની ૮૦૦થી વધુ શાળાઓમાં તા.૧૦ થી ૧૨ નવેમ્બર દરમ્યાન એન.એ.એસ. કામગીરીમાં જોડાયેલા પ્રાથમિક અને માધ્યમિક શાળામાં ફરજ બજાવતાં વળતર રજા આપવાની માંગ થઈ રહી છે. દિવાળી વેકેશન હોવા છતાં શિક્ષકો સળંગ ૩ દિવસ શાળામાં હાજરી આપી હતી.

પ્રાથમિક શિક્ષણને સુધારવાના એક તરફ દાવા થઈ રહ્યા છે ત્યાં બીજી તરફ શિક્ષકોને ચૂંટણી સહિતની કામગીરી ઉપરાંત મીટીંગોમાં વ્યસ્ત રાખવામાં આવતા હોવાથી શિક્ષણનું સ્તર કથળવામાં શિક્ષકોને જવાબદાર માનવામાં આવી રહ્યા છે. સરકાર કામનું ભારણ ઘટાડતી નથી અને કોઈને કોઈ કામગીરી સોંપે છે જેમાં રજાના દિવસે પણ સોંપવામાં આવેલી કામગીરી મને ક મને શિક્ષકો પૂરી કરતા હોય છે. તાજેતરમાં શિક્ષણ વિભાગ દ્વારા સાબરકાંઠા-અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાની પસંદ કરાયેલી ધો.૩, ૫, ૮ અને ૧૦ શાળાઓમાં એન.એ.એસ. અંતર્ગત ૩ દિવસની સર્વેની કામગીરી જિલ્લાના શિક્ષણ અધિકારીઓની નિગરાની હેઠળ યોજવામાં આવી હતી. દિવાળી વેકેશન હોવા છતાં શિક્ષકોએ પરીવાર સાથે ફરવા જવાનું પણ મુલત્વી રાખ્યું હતું ત્યારે શિક્ષકોને દિવાળી વેકેશનમાં કરેલી કામગીરી ધ્યાને લઈ વળતર રજાઓ આપવાની માંગ થઈ છે.

ઉત્તર ગુજરાતમાં દોડતી બસે મોબાઈલમાં ગુલતાન રહેતા એસ.ટી. ડ્રાઈવરો

મોબાઈલના દૂષણથી અકસ્માત વધ્યા

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૬

ઉત્તર ગુજરાતમાં દોડતી એસ.ટી. બસે મોબાઈલ ઉપર વાત કરવાના પ્રતિબંધનું સૂરસૂરીયું થઈ જતાં માર્ગો ઉપર મોબાઈલમાં ગુલતાન રહેતા એસ.ટી. ડ્રાઈવરોથી જોખમ ઉભું થયું છે. એસ.ટી. ડ્રાઈવરોમાં મોબાઈલનું દૂષણ વકરતું જતું હોવાથી હમણાંથી એસ.ટી.ના અકસ્માત વધી રહ્યા છે. મુસાફરોની તેમજ અન્ય વાહન ચાલકોની સુરક્ષાને જોખમમાં મૂકી મોબાઈલનો ઉપયોગ આગામી દિવસમાં મોટી જાનહાની કરાવે તેવી માર્ગો ઉપર ભીતી ઉભી થઈ છે. એસ.ટી.ના જવાબદારો પણ દોડતી બસે મોબાઈલના ઉપયોગ ઉપર પ્રતિબંધનો અમલ કરાવવામાં સરેઆમ નિષ્ફળ રહ્યા છે.

એસ.ટી. અમારી, સલામત સવારીના સ્લોગન સાથે વિભાગ મુસાફરોને વધુ સુવિધા આપવામાં નિષ્ફળ રહ્યા પછી દોડતી બસમાં મોબાઈલ પર ડ્રાઈવરોએ વાત કરવા ઉપર નિયંત્રણ લાવવામાં પણ નિષ્ફળ રહ્યું છે. ઉત્તર ગુજરાતમાં એસ.ટી. ડ્રાઈવરો સ્માર્ટ ફોનનો ઉપયોગ કરતા થયા ત્યાંથી માર્ગો ઉપર સલામતી જોખમાઈ છે. લાંબી રૂટની એસ.ટી. બસના ડ્રાઈવરો તો કાનમાં ઈયરફોન લગાવી સંગીતમાં ગુલતાન થઈ જાય છે જેના કારણે એસ.ટી.ના નાના-મોટા અકસ્માત શરૂ થયા છે. જ્યારે કેટલાક તો એક હાથમાં એસ.ટી. બસનું સ્ટીયરીંગ અને બીજા હાથમાં કાન ઉપર મોબાઈલ ધરી વાતોમાં મશગુલ રહેતા હોવાથી રસ્તા ઉપર જતા નિર્દોષ વાહન ચાલકો તેમજ રાહદારીઓને વિના કારણ અકસ્માતનો ભોગ બનવું પડતું હોય છે. એસ.ટી.ના અધિકારીઓ વાહનો લઈ ખુદાબક્ષ મુસાફરોને ઝડપી પાડવા માટે દોડાદોડી કરે છે પરંતુ ચાલુ બસે મોબાઈલ ઉપર વાત કરતા એકપણ ડ્રાઈવર સામે પગલાં ભર્યાં નથી જેથી અન્ય કર્મચારીઓમાં પણ આ દૂષણ વધતાં એસ.ટી.ના અકસ્માત વધતા જાય છે. આગામી સમયમાં વિભાગના અધિકારીઓ આ મુદ્દે ગંભીર નહીં બને તો સલામત સવારીના મોબાઈલ રસીયા ડ્રાઈવરો એસ.ટી.ને કલંક લાગી જાય તેવી દુર્ઘટનાને અંજામ આપે તેવી ભીતી સેવાઈ રહી છે.

જિલ્લાની નવાજૂની : સાબરકાંઠા-અરવલ્લીમાં વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ટીકીટ મેળવવા દેખાડા શરૂ

કેટલાકને કૌભાંડ, પક્ષ વિરોધી પ્રવૃત્તિ અને કોંગ્રેસીના ચમચાનું લેબલ ભાવિ ધારાસભ્યથી દૂર રાખશે

બાયડ, તા. ૧૬

સાબરકાંઠામાં મુખ્યમંત્રીની સ્નેહમિલન સમારોહમાં હાજરી અને જે કહેવાનું હતું તે શાનમાં કહી દેતાં વર્ષ ૨૦૨૨માં નવા ચહેરાઓને તક મળવાની શક્યતા વધુ છે. ભાજપા-કોંગ્રેસની યાદવાસ્થળીમાં કોને વધુ નુકશાન તેનું ગણિત નવા અંગ્રેજી વર્ષના ૨ મહીના પછી શરૂ થશે. પરંતુ ટીકીટ મેળવવા દેખાડા શરૂ થયા છે. દિવસ-રાત પક્ષ માટે કામ કરતા કાર્યકરો ફરી એકવાર હાંશિયામાં દેખાયા અને માત્ર નેતા-મંત્રી-મુખ્યમંત્રી આવે ત્યારેજ મિ. ઈન્ડીયાની જેમ પ્રગટ થતા આગેવાનો મુખ્યમંત્રી આસપાસ ગોઠવાઈ ગયા પરંતુ દાદાના હુલામણા નામથી ઓળખાતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જિલ્લાની રાજનીતિથી સંપૂર્ણ વાકેફ છે. જેથી નેતાઓના સગાઓના-સગાના કહેવાથી કોઈને ટીકીટ મળશે તેવું બિચારતા હોય તે ભુલી જવું પડશે.

પ્રજા જગજાહેર બોલી રહી છે કે જિલ્લાની સરકારી કચેરીઓમાં પાછલા ૬-૭ વર્ષથી ભ્રષ્ટાચાર વધ્યો છે. અધિકારીઓ ભાજપાના આગેવાનોનું પણ સાંભળતા નથી. ભલામણ કરીએ તો કામમાં અડચણો ઉભી કરે છે. ખેર આ વાત રાજ્યની સ્થાપનાના ૬૧ વર્ષથી સાંભળવા મળે છે પરંતુ વર્ષ ૨૦૨૨ની વિધાનસભાની ૬ બેઠકો ઉપર ટીકીટ મેળવવા સાબરકાંઠા-અરવલ્લીમાં ભાજપા-કોંગ્રેસના ભાવિ મુરતીયાઓમાં થનગનાટ જોવા મળ્યો. ગુપ્ત સર્વે દ્વારા દરેક વિધાનસભા બેઠકોમાં કોની લોકપ્રિયતા વધારે, કોનો અણગમો વધુ તેનો રીપોર્ટ તૈયાર થઈ રહ્યો છે. જ્યારે વિધાનસભાની ટીકીટ દરમ્યાન સ્થાનિક આગેવાનોના કૌભાંડ, પક્ષ વિરોધી પ્રવૃત્તિ, પક્ષપલ્ટુનું લેબલ, અને કોંગ્રેસના ચમચાના લેબલ અનેકની ઉભરી આવતી નેતાગીરીને કરમાવા માટે પુરતી છે. નો રીપીટ થીયરીના અમલમાં પણ કાર્યકરોને નવી તક મળી શકે છે જ્યારે જિલ્લાના કેટલાક આગેવાનોએ પોતે પક્ષ કરતાં મોટા એવા અભિમાનમાં આવી સ્વયં પોતાની પ્રશંસા શરૂ કરી દીધી છે. કેટલાંક કિસ્સામાં ભાજપાના સંમેલનની સમાંતરે સંમેલન સભા યોજી એક રીતે શક્તિ પ્રદર્શન શરૂ કર્યાની ગરમાગરમ ચર્ચા છે. આ સંજોગોમાં ભાજપા જો નો રીપીટ થીયરીમાં જીતેલા ધારાસભ્યની ટીકીટ કાપી શકે તો હારેલા ઉમેદવારો માટે ગાંધીનગર બહુ દૂર છે તે બાબત સ્વીકારવી પડશે. જિલ્લામાં પ્રજા મોંઘવારી સહન કરશે પરંતુ કાર્યકરોનું અપમાન, તેમની વાત નહી સાંભળવી, માત્ર મેળાવડા અને લોકો એકઠા કરવા માટે જ ઉપયોગ અને પછી તું કોણ...હું કોણ નો ખેલ રમતા આગેવાનોનો સમય પૂરો થવાની તૈયારીમાં છે. પ્રદેશ ભાજપા હાઈકમાન્ડ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ચાલતી વ્હાલા-દવલાની નીતિ સામે કડકાઈ નહી દાખવે તો અનેક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચાલતી મનમાની ઉકળતા ચરૂની જેમ જ્વાળામુખીને ફાટશે તે સમય હવે દૂર નથી.

અરવલ્લી બહુમાળી ભવનમાં 'ભુકંપ' પછીના આફટર શોક, ભુદરીયો અંડરગ્રાઉન્ડ

૨ સીમકાર્ડનો ઉપયોગ થયાની આશંકા : ભુદરીયો ગ્રાહકો શોધી ''સ્પા''માં મોકલતો

બાયડ, તા. ૧૬

અરવલ્લી બહુમાળી ભવનમાં 'ભુકંપ' પછીના આફટર શોક બહાર આવી રહ્યા છે. બહુ ચર્ચિત ભુદરીયો અંડરગ્રાઉન્ડ થયો છે તેની સાથે વધુ એક મળતીયો પણ રાજસ્થાનમાં સંતાયાની ચર્ચા વચ્ચે ૨ સીમકાર્ડનો ખોટા કામમાં ઉપયોગ થયાની આશંકા છે. જ્યારે ભુદરીયો વચેટીયાની ભુમિકા ભજવી ગ્રાહકો શોધી 'સ્પા'માં મોકલતો ત્યાં સરભરા કરી કામની પતાવટ થતું હોવાની ચર્ચામાં તથ્ય કેટલું તે માટે આવનારા દિવસો સુધી રાહ જોવી પડશે. અરવલ્લી જિલ્લામાં કેટલાક વચેટીયા અધિકારીઓના ખાસ થઈ ગયા છે એટલે સુધી કે તેમને કમાઉ સરકારી બાબુઓના કપડાં ધોવાનું જ બાકી રાખ્યું છે. વાત જાણે એમ છે કે અરવલ્લી જિલ્લા બહુમાળી ભવનમાં તાજેતરમાં ભુકંપ જેવી સ્થિતિ જોવા મળી.. આજે નહીં તો કાલે આ થવાનું છે તેવી ચર્ચાઓ હતી... ધુમાડો હતો ત્યાં આગ રે આગ ફૂંકાઈ...પણ વચેટીયો ભુદરીયો અત્યાર સુધી ષડયંત્રોમાંથી હેમખેમ બહાર આવતો રહ્યો પરંતુ તેના પુણ્ય કર્યાની સમાપ્તી પછી હવે ભુદરીયો બરાબરનો સકંજામાં આવી શકે છે. અત્યારે તો બુદરીયો અને તેને ઘર સુધી મુકવા જતો ૫ કિ.મી. દૂરના ગામનો વચેટીયો અંડરગ્રાઉન્ડ થયા છે પરંતુ વાત એવી છે કે તેમના સહીત ૩ વ્યક્તિના સીમકાર્ડનો દૂરઉપયોગ થયાની લોકચર્ચા જિલ્લા બહુમાળી ભવનમાં સાંભળવા મળે છે. આમ તો ભુદરીયો અને તેના શિષ્યો ચતુર છે પરંતુ કેવી રીતે ભરાઈ પડ્યા...!! તે ચર્ચાનો વિષય છે. કોલસાની નજીક બેસવાથી કાળા ડાઘ પડે તે બ્લેક સ્ટોન સીટીના વચેટીયાને કેમ સમજમાં નહી આવ્યું..!!